# અમરેલી, ભાવનગરમાં ધોધમાર વરસાદ

**અમરેલીમાં બે ઈંચથી પણ વધુ વરસાદ થતા પાણી ભરાયા : અમરેલીમાં ભારે વરસાદના કારણે નાવલી નદીમાં પુર આવતા કાર તણાઈ ગારિયાધાર, ડાંગ, સાપુતારા સહિતના અનેક વિસ્તારોમાં પવન સાથે વરસાદ**

અમદાવાદ, તા.૨

ગુજરાતના અનેક ભાગોમાં વાતાવરણમાં આજે જોરદાર પલ્ટો આવ્યો હતો અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં તો પ્રિ-મોનસુનની જોરદાર શરૂઆત થઈ હતી. સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં ધોધમાર વરસાદ થતા કાળઝાળ ગરમીથી એકાએક રાહત મળી છે. સૌરાષ્ટ્ર પંથકમાં વરસાદથી ખેડૂતોમાં આનંદની લાગણી પણ છવાઈ ગઈ છે. એકબાજુ અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં ભારે વરસાદ થયો છે. જેના પરિણામ સ્વરૂપે નાવલી નદીમાં પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. ઘોડાપુરના કારણે એક મારૂતી કાર તણાઈ ગઈ હોવાના અહેવાલ મળ્યા છે. જોકે તેમાં રહેલા લોકોનો બચાવ થયો છે. સાવરકુંડલામાં તીવ્ર પવન સાથે વરસાદ થયો હતો. વાવાઝોડાના કારણે કેટલાકના ઘરોના પતરા ઉડી ગયા હતા. અમરેલી ઉપરાંત ભાવનગરમાં જિલ્લાના ગારીયાધારમાં પણ મેઘરાજાની જોરદાર એન્ટ્રી થઈ હતી. વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યા બાદ ઝરમર વરસાદની શરૂઆત થઈ હતી. અમરેલીમાં ભારે વરસાદના કારણે નાવલી નદીમાં પુરની સ્થિતિ સર્જાઈ હતી. આજે જે વિસ્તારમાં વરસાદ થયો છે તેમાં અમરેલી, ભાવનગર, ગારીયાધાર, ડાંગ, સાપુતારાનો સમાવેશ થાય છે. આ તમામ જગ્યાએ પવન સાથે વરસાદ ખાબક્યો હતો. અમરેલીમાં બે ઈંચથી પણ વધુ વરસાદના અહેવાલ મળ્યા છે. સૌરાષ્ટ્ર સ્થિત અમરેલી અને ભાવનગરના આસપાસના વિસ્તારોમાં ચોમાસા જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. બીજી બાજુ હવામાન વિભાગે માહિતી આપતા કહ્યું છે કે આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાતના જુદા જુદા ભાગોમાં હળવા વરસાદી ઝાપટા પડી શકે છે. જેથી તાપમાનમાં પણ ઘટાડો થશે.

આગામી બે દિવસ દરમ્યાન ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ ભાગો તથા કચ્છમાં પારો ૪૦ થી ૪૩ વચ્ચે રહી શકે છે. હાલમાં છેલ્લા ઘણા સમયથી કાળઝાળ ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા હતા. કાળઝાળ ગરમી વચ્ચે રોગચાળામાં વધારો થયો છે.

પાણીજન્ય કેસની વાત કરવામાં આવે તો મે મહિનામાં ૨૬ દિવસના ગાળામાં જ ઝાડા ઉલ્ટીના ૧૦૪૭ કેસ સપાટી ઉપર આવ્યા છે જ્યારે કમળાના ૨૬ દિવસમાં ૨૫૩ અને ટાઈફોઈડના ૨૯૭ કેસ સપાટી ઉપર આવ્યા છે. બીજી બાજુ મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો સાદા મેલેરિયાના ૨૬ દિવસના ગાળામાં ૩૭૫ કેસ નોંધાયા છે. વર્ષ ૨૦૧૭માં મે મહિનામાં ૧૧૦૦ કેસ સાદા મેલેરિયાના નોંધાયા હતા. આ મહિનામાં ઝેરી મેલેરિયાના ૦૪ કેસો સપાટી ઉપર આવ્યા છે. મે ૨૦૧૭ દરમિયાન લીધેલા ૬૪૨૧૭ લોહીના નમૂના સામે ૨૬મી મે ૨૦૧૮ સુધીમાં ૬૯૪૩૧ લોહીના નમૂનાની તપાસ કરવામાં આવી છે. ગુજરાતના જુદા જુદા ભાગોમાં હળવા વરસાદી ઝાપટાની આગાહી વચ્ચે હવે તાપમાનમાં ઘટાડો થઈ રહ્યો છે. સવારના સમયમાં વાદળછાયુ વાતાવરણ પણ જોવા મળી રહ્યું છે. અમદાવાદમાં આજે સવારમાં વરસાદી માહોલ દેખાય છે જેના લીધે ઠંડકનો અનુભવ લોકો કરી રહ્યા છે. જો કે, બપોરના ગાળામાં હજુ પણ લોકોને રાહત મળી નથી. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧.૯ ડિગ્રી રહ્યું હતું.

સૌથી વધુ તાપમાન આજે પણ સુરેન્દ્રનગરમાં જ ૪૩ ડિગ્રી રહ્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઝડપી પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગના કેસોમાં વધારો નોંધાયો છે. અમદાવાદમાં બપોરના ગાળામાં ભરચક રહેતા વિસ્તારો પણ સુમસામ દેખાતા હતા. લોકોએ બપોરના ગાળામાં બહાર નિકળવાનું ટાળ્યું હતું. તબીબો પણ વધુ પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવાની સલાહ આપી રહ્યા છે.

## સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી દરમિયાન લેવલ જાળવવા રજુઆત

**પેવર બ્લોકની આડેધડ કામગીરીના લીધે રસ્તાઓ નીચાણમાં ધકેલાતા જળબંબાકાર થાય છે : સે-૫ થી ૭ માં પણ માર્ગ સુધારણા દરમિયાન યોગ્ય લેવલીંગ થાય તે અનિવાર્ય**

ગાંધીનગર તા ૨

શહેરમાં સે-૫ થી ૮ માં માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવામાં આવશે. આગામી ચોમાસાના અંતે બાકી રહેતા સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરાશે. સેકટરોમાં રીંગ રોડની કામગીરીને અનુલક્ષી રૂ ૪.૫૦ કરોડ જેટલો ખર્ચ થવાનો અંદાજ છે. ત્યારે માર્ગ સુધારણાની કામગીરી દરમિયાન યોગ્ય લેવલીંગ જળવાય તે પણ અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સેકટરોમાં પેવર બ્લોકની આડેધડ કામગીરીને અનુલક્ષીને માર્ગોનુ લેવલ જળવાતુ નથી. ત્યારે આ સેકટરોમાં પણ આ મામલે યોગ્ય પગલા લેવાય તેવી માંગ ઉઠવા પામી છે.

શહેરમાં માર્ગ સુધારણાનુ કામ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહયુ છે. અગાઉ સે- ૧થી ૫ માં માર્ગ સુધારણાની કામગીરી પુર્ણ કરવામાં આવી છે.જયારે આગામી દિવસોમાં નગરના મુખ્ય માર્ગોને પણ ચકાચક બનાવવા કામ હાથ ધરાશે. જો કે હજુ જુના સેકટરોમાં માર્ગ સુધારણાના કામનુ ઠેકાણુ પડ્યુ નથી. જુના સેકટરોને અનુલક્ષી તંત્ર દ્વારા વિભાગને કરવામાં આવેલી દરખાસ્ત લાંબા સમયથી પેન્ડીંગ છે. ત્યારે સ્થાનિકોમાં માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. આગામી ચોમાસા બાદ શહેરમાં માર્ગ સુધારણાના બાકી કામો પણ હાથ ધરવામાં આવશે. પરંતુ હજુ સુધી માર્ગ સુધારણાના કેટલાક કામો અંગેની દરખાસ્ત વિભાગ કક્ષાએ પેન્ડીંગ છે. સે-૫ થી ૭ માં માર્ગ સુધારણાની કામગીરી હજુ બાકી છે. ત્યારે નવા વિસ્તારમાં બાકી રહેતા રસ્તાઓને અનુલક્ષીને પણ આગામી વરસાદી દિવસોના અંતે કામગીરી શરૂ કરવામાં આવશે.નવા સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી દરમિયાન કેટલાક વિસ્તારમાં યોગ્ય લેવલીંગ ન જળવાયુ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. જો કે પેવર બ્લોકની આડેધડ કામગીરીના લીધે માર્ગો નિચાણમાં ધકેલાયા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જેના લીધે વરસાદી દિવસોમાં માર્ગો પર જળબંબાકારની સ્થિતિ જોવા મળશે. બીજીતરફ માર્ગોનુ ધોવાણ પણ થતા રસ્તાઓને નુકશાન થાય તેવી પણ સંભાવના છે. આવા સંજોગોમાં સે-૫ થી ૮ માં માર્ગ સુધારણા દરમિયાન પેવર બ્લોક સાથે રસ્તાઓનુ યોગ્ય લેવલીંગ જળવાય તે રીતે કામ હાથ ધરાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## સાબરકાંઠા બેંકની ચૂંટણી હાથવેંતમાં

**૧૩ જૂન બાદ ગમે ત્યારે ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થઈ શકશે**

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ખેડૂતો તથા અન્ય જરૂરીયાતમંદોને ધિરાણ આપતી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મુદત પુર્ણ થઈ ચુકી છે ત્યારે શુક્રવારે વહિવટી તંત્ર દ્વારા મતદાર યાદી બનાવવા માટે જાહેરનામુ પ્રસિદ્ધ થતાની સાથે જ જિલ્લાની સહકારી રાજકારણમાં નવી ચહલપહલ શરૂ થઈ ગઈ છે.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ૧૨૫થી વધુ શાખાઓ ધરાવતી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ડિરેકટરોની મુદત પૂર્ણ થઈ હોવાથી વહિવટી તંત્ર દ્વારા મતદાર યાદી બનાવવા માટે જાહેર કરેલા જાહેરનામામાં જણાવાયા મુજબ તા. ૧૩ જૂનના રોજ આખરી મતદારયાદી પ્રસિદ્ધ કરાયા બાદ બેંકની ચૂંટણી યોજવા માટે ચૂંટણી અધિકારી તારીખ જાહેર કરી શકે છે.

ઉલ્લેખનીય છે કે સાબરકાંઠા અનો અરવલ્લી જિલ્લા માટે સાબરડેરી અને સાબરકાંઠા બેંક સહકારી ક્ષેત્રે અગ્રગણ્ય હરોળમાં આવતી હોવાને કારણે સહકારી રાજકારણીઓ તેમાં ડિરેક્ટર પદુ મેળવવા માટે એડીચોટીનું જોર લગાવીને નાણાંની રેલમછેલ કરી મતદારોને ફોસલાવી પટાવી મત મેળવી લીધા બાદ તેઓ જાણે કે ઈડરીયો ગઢ જીતીને આવ્યા હોય તેવો વહેમ રાખીને ફરે છે. આ બંને સંસ્થાના કેટલાક અપવાદને બાદ કરતા ડિરેક્ટરો યેનકેન રીતે પોતાને આર્થિક ફાયદો થાય તે માટે કોઈ કસર છોડતા નથી.

જેથી હવે જોવાનું એ રહે છે કે સાબરડેરી અને બેંકની ચૂંટણી આગામી સમયમાં યોજાનાર છે ત્યારે સહકારી અગ્રણીઓ બંને જિલ્લાને કેટલું પ્રતિનિધિત્વ આપે છે તે સમય બતાવશે તથા કેટલાક સહકારી અગ્રણીઓ પોતાનું ધાર્યુ ન થાય તો અન્ય મતદારને હાથો બનાવીને કોર્ટમાં જઈ અડચણ ઉભી કરવાના પ્રયાસ કરતા હોય છે જે ભૂતકાળના બનાવો પરથી બંને જિલ્લાની પ્રજાએ અનુભવ્યું છે. આ વખતની ચૂંટણીમાં સહકારી રાજકારણીઓ કેવો ખેલ પાડે છે તે અંગે હાલ કેહવું વહેલુ ગણાશે.

## કાંકરેજ તાલુકાના આકોલી ગામે ગ્રામસભા યોજાઈ

કાંકરેજ, તા. ૨

કાંકરેજ તાલુકાના દરેક ગામડાના પંચાયતોમા ૧-૬-૨૦૧૮ને લઈ સરકારના નિયમ મુજબ ગ્રામસભાઓ યોજાઈ હતી. જેમાં આકોલી ઠાકોરવાસ ખાતે ગ્રામ સચિવાલયમા સરપંચના અધ્યક્ષસ્થાને સભા યોજાઈ હતી. આ પ્રસંગે તાલુકા આરોગ્ય સુપરવાઈઝર અમ્રુત એસ. પ્રજાપતિ, જે.જી. પુજારા, પશું નિરીક્ષક મનીષા એચ. પટણી, વિપુલ પ્રજાપતિ, સજજબા વાઘેલા, આસાવર્કર પુનિતા ગૌસ્વામી, મનહરબા વાઘેલા, મધુબેન આંગણવાડી સહિતના ગ્રામ લોકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ચોમાસાનાં ઋતુને ધ્યાને લઈ ગટર અને રસ્તાઓની સફાઈ તેમજ લોકોને પાણી રોડ રસ્તા અને આરોગ્યની જરૂરિયાત પુરી પાડવા આરોગ્ય વિભાગના કર્મચારીઓ સતત મહેનત કરી રોગો ઉપર નિયંત્રણ રાખી રહ્યા છે અને પશુઓ માટેનું માર્ગદર્શન પુજારાએ આપ્યું હતું અને આકોલી સરપંચ ગાંડાજી વાઘેલાએ ગામના વિકાસના કામો કરવા ખાતરી આપી હતી.




વધુમાં ઘરવેરા પાણીવેરા ભરવા તલાટી દ્વારા જાણ કરવામાં આવી હતી અને લોકોને મળતા સરકારી લાભો જેવા કે મકાન સહાય, વૃધ્ધા પેન્શન, વિધવાઓને સહાય, પશુઓ માટે ઘાસ ચારો, આરોગ્યની સેવાઓમાં અમ્રુતમ કાર્ડ, રેશનકાર્ડને લગતી સેવાઓ, બી.પી.એલ. લાભાર્થીઓ મળે એવી ગ્રામપંચાયત દ્વારા કામગીરી કરવા માટે લોકોને જાણકારી આપી હતી. જોકે આકોલી ઠાકોર વાસમા ઘણાં કુટુમ્બો એવા છે કે જેને રહેવાના અને ખાવાના ફાંફાં છે ત્યારે સરકારના અધિકારીઓ દ્વારા ટીમ લઈ આવા લોકોના સર્વેની કામગરી કરી લોકોને ન્યાય આપે એ જરૂરી છે. ત્યારે આવા ગરીબ કુટુંબના સભ્યો એ.પી.એલ. કાર્ડ ધરાવે છે જ્યારે જમીન અને બોર માલિકો બીપીએલના લાભો લેશે. આવા ભૂતિયા બીપીએલ લાભાર્થીઓને ડિલીટ કરી નવા નામો ઉમેરી સાચા લાભાર્થીઓને ન્યાય સરકારના અધિકારીઓ આપશે ખરા ? જેવા વેધક સવાલો ગ્રામ સભામા બેઠેલા લોકોના મુખે ચર્ચાનો વિષય બનવા પામ્યા હતા. આમ આકોલી ખાતે ગ્રામ સભા યોજાઈ હતી. જેમાં ડેપ્યુટી સરપંચ અને સરપંચ ખાસ ઉપસ્થિત રહ્યા હતા પરંતુ પંચાયતના સભ્યો પૂરતા જોવા નહોતા મળ્યા અને ગણ્યા ગાંઠ્યા પચાસ જેટલા લોકો હાજર રહ્યા હતા. જોકે લોકોને ગ્રામ સભા એટલે શું ? એ આજે પણ ખ્યાલ નહીં હોય કેમ ? કે આજ સુધીના સમયમા દરેક ગ્રામસભામાં ફક્ત કાગળો ઉપર ચીતરવાનો સિલસિલો ચાલુ હતો ત્યારે હવે લોકજાગૃતિ આવતા લોકો હાજરી આપી સરપંચ અને તલાટીઓ સાથે સીધી વાત કરી પોતાના પ્રશ્નોના નિરાકરણ લાવે છે ત્યારે હવે મોનસૂન સત્ર ચોમાસાનાં સમયના દિવસો દરમ્યાન સફાઈ કામો હાથ ધરવામાં આવશે કે કેમ ? એ જોવું રહ્યું.

## બેચરાજીના કોઠારપુરા ગામે તંત્રની ગતિશીલતાના પગલે પાણીની સમસ્યા હલ થઈ

મહેસાણા, તા.૧

મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના કોઠારપુરા ગામે પીવાના પાણીની પાઈપલાઈન ચોકઅપ થવાના કારણે પાણી બંધ થયેલ હતું જે તંત્ર દ્વારા તુરંતજ કામગીરી કરીને નવીન પાઈપલાઈન નાંખીને ગ્રામજનોની પાણીની સમસ્યા તુર્તજ હલ કરી હતી. આજે કોઠારપુરા ગામમાં પાણી સમસ્યા તંત્રની ઝડપી કામગીરીના પગલે ગણતરીના સમયમાં હલ થઈ છે. આ બાબતે ગામના સરપંચશ્રી અને તલાટીશ્રીએ જિલ્લા પંચાયતને પત્ર લખી કોઠારપુરા ગામમાં પાણીની સમસ્યા હલ થઈ છે તેવું જણાવેલ છે તેમ જિલ્લા વિકાસ અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## ટીંટોઈમાં જીએસએફસી દ્વારા ખાતરના ડેપોનું ઉદ્‌ઘાટન

મોડાસા, તા. ૨

જીએસએફસી તથા જીએસએફસી એગ્રોટેક લી. દ્વારા સરકાર ખાતરના ડેપોનું ટીંટોઈ ખાતે તા. ૧-૬-૧૮ના રોજ કંપની દ્વારા નવા ડેપો એટલે કે જીએટીએલ કિસાન સુવિધા કેન્દ્રનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ખેડૂતોને સરદાર બ્રાન્ડના ખાતરોની માહિતી અને જીએટીએલ કિસાન સુવિધા કેન્દ્ર દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓની માહિતી આપવામાં આવી હતી.

ટીંટોઈમાં જીએસએફસી કંપનીએ હંમેશા ખેડૂતોના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. શુભારંભમાં મોટી સંખ્યામાં ખેડૂતો, વિક્રેતાઓ હાજર રહ્યા હતા. જેમાં કંપનીના ગોધરા એરીયા ઈન્ચાર્જ મોહનભાઈ તેમજ મોડાસા ડેપો ઈન્ચાર્જ એ.આર. પટેલ તથા મિતેષભાઈ ચૌધરી તથા અન્ય ખેડૂત મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## આંજણા ચૌધરી સમાજનું ગૌરવ



મોડાસા, તા. ૩૧

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ એસ.એસ.સી.ની પરીક્ષામાં ધનસુરા તાલુકાના રમોસના વતની કમલેશભાઈ પ્રેમજીભાઈ પટેલની પુત્રી રાધવીએ ૯૫.૬૫ પર્સન્ટાઈલ રેન્ક મેળવી પરિવાર અને સમાજનું ગૌરવ વધાર્યુ છે. તેજસ્વી વિદ્યાર્થીનીને સમાજના અગ્રણીઓએ અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## નાના ચિલોડા પાસે બસ અને કાર ટકરાઈ : મહિલાનું મોત

અમદાવાદ,તા.૨

શહેરના નાના ચિલોડા નજીક રૂબી ત્રણ રસ્તા પાસે ગઈકાલે મોડી રાત્રે એક લકઝરી બસ અને કાર વચ્ચે થયેલા અકસ્માતમાં કુબેરનગરમાં રહેતા વેપારીની પત્નીનું કરૂણ મોત નીપજ્યું હતું. જ્યારે ચાર વર્ષનાં બાળક સહિત ત્રણ લોકોને ઈજા થતાં તેઓને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માત એટલો જોરદાર હતો કે કારને ટક્કર માર્યા બાદ લકઝરી બસ ડિવાઈડર પર ચઢી ગઈ હતી. નરોડા પોલીસે આ સમગ્ર બનાવ અંગે જરૂરી ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. અકસ્માતના આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના કુબેરનગર સી વોર્ડમાં યમનદાસ માખીજા (ઉં.વ.૫૫) તેમના પરિવાર સાથે રહે છે. તેઓ પી.ટી. બ્રધર્સના નામે કાલુપુરમાં દુકાન ધરાવી વેપાર ધંધો કરે છે.

## જિલ્લા કક્ષાનો ફરીયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

મહેસાણા, તા.૧

માનનીય મુખ્યમંત્રીશ્રીના અભિગમને અનુરૂપ મહેસાણા જિલ્લાનાં લોકોની ફરીયાદોના નિરાકરણ માટે જિલ્લા કક્ષાનો ફરીયાદ નિવારણ કાર્યક્રમ ૨૮ જુન ૨૦૧૮ ના રોજ યોજવામાં આવનાર છે. આ અંગે મહેસાણા જિલ્લાના જે લોકો પોતાના પ્રશ્નો રજુ કરવા માંગતા હોય તેઓએ ૧૧ જુન સુધીમાં જિલ્લા કલેકટર કચેરી રજિસ્ટ્રી શાખા મહેસાણાને મોકલી આપવાના રહેશે.અરજીના મથાળે જિલ્લા કક્ષાનો ફરીયાદ નિવારણ કાર્યક્રમ અંગેનો પ્રશ્ન લખવાનો રહેશે તેમ જિલ્લા કલેકટર મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે

## સાબરકાંઠામાં બે તબક્કામાં શાળા પ્રવેશોત્સવ યોજાશે

**ગ્રામ્ય વિસ્તારોમાં ૧૪, ૧૫ અને શહેરી વિસ્તારોમાં ૨૨ અને ૨૩ જૂને કાર્યક્રમ યોજાશે**

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જિલ્લામાં વેકેશન પૂર્ણ થવાને આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ગત વર્ષની જેમ આ વર્ષે પણ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીની ઉજવણી કરવામાં આવશે જે અંતર્ગત શનિવારે ઈડરના ટાઉનહોલ ખાતે આયોજન માટે બેઠક યોજાશે. જેમાં જિલ્લાની ૧૬૦૦ શાળાઓમાં યોજાનાર પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીના રૂટ અંગે ચર્ચા કરવામાં આવશે. ગ્રામ્ય વિસ્તારોમાં તા. ૧૪ અને ૧૫ જ્યારે શહેરી વિસ્તારોમાં તા. ૨૨ અને ૨૩ જૂને કાર્યક્રમ યોજાશે.

આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી આર.એસ. ઉપાધ્યાયના જણાવાયા મુજબ આગામી તા. ૧૧ જૂનથી શાળાઓમાં નવુ સત્ર શરૂ થવા જઈ રહ્યુ છે ત્યારે ગત વર્ષની જેમ આ વર્ષે પણ સાબરકાંઠા જિલ્લામાં આવેલ ૧૬૦૦ શાળાઓમાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીની ઉજવણી કરવાનું નક્કી કરાયુ છે જેના ભાગ રૂપે શનિવારે ઈડરના ટાઉન હોલ ખાતે જિલ્લાકક્ષાના અધિકારીઓની મિટીંગ યોજાશે.

આ શાળા પ્રવેશોત્સવમાં જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત ૧૨૨૪, ૮૪ ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ, ૩૬ આશ્રમ શાળા, ૨૪૦ ગ્રાન્ટેડ માધ્યમિક શાળા અને ૧૬ સરકારી માધ્યમિક શાળાઓમાં આ કાર્યક્રમ યોજવામાં આવશે. આ કાર્યક્રમ દરમિયાન તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાના અધિકારીઓ અને મંત્રીઓ સહિત પદાધિકારીઓ પ્રવેશોત્સવના કાર્યક્રમમાં સહભાગી થઈ બાળકોને શાળાઓમાં પ્રવેશ અપાવશે. આ વખતે પણ પ્રવેશોત્સવની થીમ એક ઝાડ એક બાળ રહેશે.

## ફુટબોલર ભાઈચુંગ ભુટિયા દ્વારા ફુટબોલ સ્કૂલનો પ્રારંભ

અમદાવાદ,તા. ૨

ભારતીય ફુટબોલ લિજેન્ડ અને પદ્મશ્રી-અર્જુન એવોર્ડ વિજેતા ભાઈચુંગ ભુટિયા આજે અમદાવાદ શહેરની વિશેષ મુલાકાતે આવ્યા હતા. અમદાવાદ શહેરમાં શીલજ ખાતે સ્પ્રિન્ટ રિક્રિએશન સાથે પાર્ટનરશીપમાં તેમણે ભારતના સૌથી વિશાળ ફુટબોલ ટ્રેનીંગ પ્રોગ્રામ લોન્ચ કરવાના અને ભાઈચુંગ ભુટિયા ફુટબોલ સ્કૂલ (બીબીએફએસ)ના પ્રારંભ કરવાના પ્રસંગ નિમિતે દેશના મહાન ફુટબોલ પ્લેયર ભાઈચુંગ ભુટિયા ખાસ હાજર રહ્યા હતા. નિષ્ણાત કોચ અને ટ્રેનર્સ મારફતે પાંચથી ૧૬ વર્ષની વયના બાળકોને આ બીબીએફએસમાં પધ્ધતિસરની અને ઓલ ઈન્ડિયા ફુડબોલ ફેડરેશન(એઆઈએફએફ) દ્વારા એકેડમી એક્રેડિટેશન પ્રોસેસના એક હિસ્સા તરીકે તૈયાર કરાયેલા અભ્યાસક્રમ અંતર્ગત ખાસ તાલીમ અપાશે અને બાળકોને ફુટબોલ ક્ષેત્રે નેશનલ અને ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ પૂરું પાડવા માટે તૈયાર કરવામાં આવશે એમ અત્રે ફુટબોલ લિજેન્ટ ભાઈચુંગ ભુટિયા અને રોબીન નીરવાણીએ જણાવ્યું હતું.

ફુટબોલ ક્ષેત્રે ભારત દેશનું નામ રોશન કરનારા આ મહાન ખેલાડીએ વધુમાં જણાવ્યું હતું કે, આજે બાળકો સોશ્યલ મીડિયા, મોબાઈલ, ટીવી-ઈન્ટરનેટના વળગાડના કારણે ઘરમાં બંધાઈને રહી ગયા છે, જેનાથી ફુટબોલ જેવી કૌશલ્ય ખીલવતી રમતગમતથી તેઓ દૂર થઈ ગયા છે પરંતુ તેમના જીવનમાં અભ્યાસની સાથે સાથે રમતગમતનું પણ એટલું જ મહત્વ છે. આરોગ્યની દ્રષ્ટિએ પણ ફુટબોલ જેવી રમત બહુ મહત્વની છે એમ ભાઈચુંગ ભુટિયાએ ઉમેર્યું હતું.

### મોરપીંછના રંગ ● ચોથા પાનાનું ચાલું

યોગ્ય ના હોય તો પત્રની અંદર રહેલી વાત કોઈ અસર કરતી નથી. કયા પત્રમાં કોને કેવું સંબોધન કરવું એ પણ કલા અને સમજણની બાબત છે. ઘણીવખત એકદમ સાચી વાત અયોગ્ય સંબોધનને કારણે દબાઈ જતી હોય છે. કેમ કે આ સંબોધનમાં સંબંધ, માન સન્માન, અપમાન, પ્રેમ, શુભેચ્છા, આદર વગેરે અનેક ભાવો પ્રગટ થતા હોય છે ખાસ તો લખાણમાં સૌજન્ય, સહકાર અને શિષ્ટાચાર હોવા જરૂરી છે, પત્રની ભાષા પણ એના વિષયને અનુરૂપ, સંબોધિત વ્યક્તિના શિક્ષણ અને સ્વભાવને કે પદને અનુરૂપ હોવી અનિવાર્ય છે. વધારાની વાતો કે નકામા શબ્દપ્રયોગ ક્યારેક મુશ્કેલી લાવી શકે છે તેથી એનાથી બચવું જોઈએ. ભાવ અને ભાષાશુદ્ધિથી પત્રનો પ્રભાવ અચૂક વધે છે. પત્ર લખનાર ઘણીવાર પત્રમાં આડીઅવળી વાતો લખીને મૂળ વાત ઢાંકી દે છે તેથી પત્રમાં હંમેશાં સીધી મૂળ વાત જ કરવી. લંબાણપૂર્વકની આડીઅવળી વાતો ટાળી મુદ્દાસર જ પત્ર લખાવો જોઈએ. અને ખાસ તો એ આ પત્ર નિબંધ ના બની જાય એનો પણ પત્ર લેખકે ખ્યાલ રાખવો જરૂરી છે. નહિતર વાંચનાર વ્યક્તિના માનસમાં એની કોઈ અસર થતી નથી.

આમ પત્રલેખન કલા આજકાલ સાવ લૂપ્ત થઈ રહી છે, ૨૧મી સદીએ જેમ આપણને ઘણુબધુ આપ્યું છે તો એની સામે ઘણુબધુ આપણું છીનવી પણ લીધું છે. જો કે આપણે આપણી કેટલીક વિરાસત તો બચાવી શક્યા હોત પરંતુ આપણે પાશ્ચાત્ય સંસ્કૃતિની પાછળ આંધળા બનીને દોડ્યા જઈએ છીએ. એના ગુલામ બનતા જઈએ છીએ. સમયાંતરે પરિવર્તન જરૂરી હોય છે પરંતુ એવું પરિવર્તન હરગિઝ નહી જે આપણા સંસ્કાર, સંસ્કૃતિ અને પરંપરા તોડી નાખે. ધ્વસ્ત કરી નાખે. અસ્તુ.

### આંદોલન યથાવત ● અનુસંધાન પહેલાનું ચાલુ

દુધ અને અન્ય વસ્તુઓનો પુરવઠો અટકાવી ચુક્યા છે. જોકે કૃષિ પેદાશોની કિંમતો પર તરત અસરદેખાઈ નથી પરંતુ આજે કેટલાક શહેરોમાં છુટક શાકભાજીની કિંમતોમાં વધારો થયો હતો. પ્રતિ કિલો ૧૦ થી ૨૦ રૂપિયાનો વધારો થઈ ગયો હતો. ચંદીગઢથી પ્રાપ્ત અહેવાલ મુજબ ટામેટાની કિંમત વધીને ૨૦ થી ૨૫ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. જે હાલમાં ૧૦ થી ૧૫ રૂપિયા હતી. આવી જ રીતે બટાકા, અન્ય ચીજવસ્તુઓની છુટક કિંમતો પણ આસમાને પહોંચી છે. પંજાબના જુદા જુદા ભાગોમાં વિરોધ પ્રદર્શનનો દોર જારી રહ્યો છે. પહેલી જૂનથી લઈને ૧૦મી જૂન સુધી સપ્લાયને રોકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કિસાન એકતા મંચ અને રાષ્ટ્રીય કિસાન મહાસંઘના બેનર હેઠળ ખેડૂતો દ્વારા આ નિર્ણય લેવાયો છે. ચીજવસ્તુઓ ખેડુતોના ગામડા બંધના કારણે હવે વધારે મોંઘી થઈ રહી છે. ખેડુતોના બંધના કારણે શાકભાજી અને દુધનો પુરવઠો ખોરવાઈ ગયો છે. મોટા માર્કેટ સુધી જથ્થો પહોંચી રહ્યો નથી. જેથી અસર દેખાવવાની શરૂઆત થઈ ગઈ છે. દેશના ૨૨ રાજ્યોમાં ૧૧૨થી વધુ ખેડૂત સંગઠનોની અપીલ પર ખેડૂતોની ૧૦ દિવસના ગામડા બંધ આંદોલનની શરૂઆત થયા બાદ હવે આગામીદિવસોમાં તેની સીધી અસર લોકોમાં દેખાય તેવી વકી છે. આ આંદોલન સ્વૈચ્છિક છે. તેમાં કોઈપણ પ્રકારના ધરણા પ્રદર્શન કરવામાં આવી રહ્યા નથી. માત્ર ખેડૂતો પોતાના ઘરથી બહાર નિકળી રહ્યા નથી. જે લોકોને શાકભાજી, દૂધની જરૂર છે તે લોકોને ગામડામાં આવવું પડશે. ખેડૂતો મુખ્યરીતે વિરોધ નોંધાવીને શાકભાજી રસ્તા પર ફેંકી દેતા, દૂધ જાહેર રસ્તા પર ઢોળી દેતા નજરે પડ્યા હતા. સરકારની નીતિઓ સામેના વિરોધમાં આ આંદોલન થઈ રહ્યા છે. ખેડૂત સંગઠનોનો આક્ષેપ છે કે, પુરતા નાણા લોકોને મળી રહ્યા નથી. ખેડૂતોને તેમની પેદાશના પુરતા નાણા મળી રહ્યા નથી. ખેડૂતોની સાથે સાથે જુદા જુદા કારોબાર સાથે જોડાયેલા લોકો પરેશાન દેખાઈ રહ્યા છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોએ ખેડૂતોને આંદોલનની રાહ છોડી દેવા માટે અપીલ કરી હતી. જો કે, આની અસર દેખાઈ નથી. દુધ અને શાકભાજીનું સંકટ તોળાઈ રહ્યું છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા માટે તમામ પગલા પહેલાથી જ લેવામાં આવ્યા છે. ખેડૂત સંગઠનો મુજબ પહેલીથી લઈને હવે ૧૦મી સુધી ગામથી કોઈપણ સામગ્રી શહેરમાં પહોંચશે નહીં. દૂધ, ફળફળાદી, શાકભાજી અને અન્ય ચીજવસ્તુઓને લઈને પણ શહેરના લોકોને અડચણો થઈ શકે છે. દૂધ, ફળફળાદીને ગામમાં જ વેચવામાં આવશે. આંદોલનના ભાગરુપે છઠ્ઠી જૂનના દિવસે શહીદ દિવસ, આઠમી જૂનના અસહયોગ દિવસ અને ૧૦મી જૂનના દિવસે ભારત બંધ રાખવામાં આવશે. ખેડૂતોની માંગણી છે કે તેમને જે જાહેરાત કરવામાં આવી છે તે મુજબ નાણા મળવા જોઈએ. મધ્યપ્રદેશમાં થોડાક સમય પહેલા ખેડૂતો પર ગોળીબાર કરવામાં આવ્યો હતો જેને લઈને પણ વિરોધ પ્રદર્શન જારી છે.